©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] THURSDAY, MAY 21, 2026 / VAISHAKHA 31, 1948 [ No. 21**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.


## PART IV-B

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૨૦૨૬

**નં.જીએચકેએચ-૪૩-૨૦૨૬-એસસીએ-૧૪-૨૦૧૦-એસસીએ-૧૩૧-ચ(ACD/APM/e-file/2/2023/2138/CH):-** ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૫/૦૩/૨૦૦૧ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૧/૩૯૧/૨૦૦૧ થી ધી સહયોગ.કો.ઓપ.બેંક લી.(ફડચામાં), અમદાવાદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈને મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના વખતોવખતના હુકમથી તા.૦૪/૦૩/૨૦૦૮ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૦૪/૦૩/૨૦૨૫ સુધી કલમ-૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ હતી. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

આથી, ધી સહયોગ કો.ઓપ.બેંક લી.(ફડચામાં), અમદાવાદને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની સુધારેલ જોગવાઈ હેઠળ ફડચાની કામગીરી આટોપી લેવા તા. ૦૫/૦૩/૨૦૨૫ થી તા. ૦૪/૦૩/૨૦૨૭ સુધી મુદત વધારી આપવામાં આવે છે. આ મુદત વધારા દરમિયાન ફડચાની કામગીરી પૂર્ણ થાય તે રીતે કામગીરી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**કુલદીપસિંહ મકવાણા,**

સરકારના ઉપસચિવ(ધિરાણ).

----------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.05.21 18:27:09 IST